પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની ઉપસ્થિતિમાં 'સુરક્ષા બંધન' કાર્યક્રમ યોજાયો

સુરક્ષા બંધન: વડોદરા પોલીસ અને શહેરવાસીઓએ બાંધી સુરક્ષાની રાખડી, નશામુક્તિ અને માર્ગ સલામતીનો લીધો સંકલ્પ

મહિલા-બાળકોને રાખડી બાંધી સુરક્ષાની ખાતરી, જરૂરિયાતમંદોને હેલ્મેટનું વિતરણ અને નશામુક્તિની સામૂહિક શપથ લેવાઈ

(પ્રતિનિધી) વડોદરા, તા.29

રક્ષાબંધન એટલે માત્ર ભાઈ-બહેનના પવિત્ર સંબંધનું પર્વ નહીં, પરંતુ એકબીજાની સુરક્ષા અને જવાબદારી નિભાવવાનો સંકલ્પ પણ છે. આ ભાવનાને સામાજિક સુરક્ષા સાથે જોડીને વડોદરા શહેર પોલીસ દ્વારા પાણીગેટ પોલીસ સ્ટેશન ખાતે 'સુરક્ષા બંધન-રક્ષાબંધન વિશેષ જનજાગૃતિ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ અને નાગરિકો વચ્ચે વિશ્વાસ, સહભાગિતા અને સુરક્ષાના સંબંધને વધુ મજબૂત બનાવતા આ કાર્યક્રમમાં વિવિધ જનજાગૃતિ પ્રવૃત્તિઓ યોજાઈ હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સંયુક્ત પોલીસ કમિશનર નિલેશ ઝાંઝડિયા, ડીસીપી એન્ડ્રુ મેકવાન, ડીસીપી જગદીશ ચાવડા, ડીસીપી ઋષિકેશ ઉપાધ્યાય, ડીસીપી તેજલ પટેલ સહિત એસીપી, પીઆઈ અને પોલીસ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત NGO સંચાલકો, મેડિકલ ટીમ, સિનિયર સિટીઝનો, મહિલાઓ, બાળકો, ટીઆરબી જવાનો સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

મહિલા પોલીસ બની સુરક્ષાની બહેન કાર્યક્રમની શરૂઆત 'સુરક્ષા બંધન'ની ઉજવણીથી થઈ હતી. શી ટીમની મહિલા પોલીસ કર્મચારીઓએ સિનિયર સિટીઝનો, મહિલાઓ અને બાળકોને રાખડી બાંધી તેમની સુરક્ષા, સહાય અને રક્ષણ માટે પોલીસ હંમેશા તેમની સાથે હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો. ત્યારબાદ ટ્રાફિક મહિલા પોલીસ કર્મચારીઓએ મેડિકલ સ્ટાફ અને ડોક્ટરોને રાખડી બાંધી તેમની સેવાઓ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ઉપસ્થિત મહિલાઓએ ટ્રાફિક પોલીસ જવાનોને રાખડી બાંધી પોલીસ-નાગરિક વચ્ચેના વિશ્વાસ અને સહભાગિતાનો સંદેશ આપ્યો હતો.

હેલ્મેટ સાથે માર્ગ સલામતીનો સંદેશ માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા કાર્યક્રમ દરમિયાન જરૂરિયાતમંદ નાગરિકોને હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વાહનચાલકોને હેલ્મેટ અને સીટબેલ્ટનો નિયમિત ઉપયોગ કરવા, નિયંત્રિત ઝડપે વાહન ચલાવવા અને ટ્રાફિક સિગ્નલ સહિતના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી. નાગરિકોએ પોતે સુરક્ષિત રહેવા સાથે અન્યની સુરક્ષાની પણ જવાબદારી નિભાવવાનો સંકલ્પ લીધો હતો.

'સંકલ્પ નશામુક્તિ'ની સામૂહિક શપથ કાર્યક્રમમાં 'સંકલ્પ નશામુક્તિ' અંતર્ગત નશાના કારણે વ્યક્તિના સ્વાસ્થ્ય, પરિવાર અને સમાજ પર થતી ગંભીર અસરો અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે ઉપસ્થિત લોકોને નશાથી દૂર રહેવા, યુવાનોને નશાથી બચાવવા અને નશામુક્ત સમાજના નિર્માણમાં સહભાગી બનવા સામૂહિક શપથ લેવડાવ્યો હતો.

GSFC યુનિવર્સિટીમાં ૮મો પદવીદાન સમારોહ યોજાયો

૮૧૫ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત, ૧૭માંથી ૧૨ ગોલ્ડ મેડલ વિદ્યાર્થીનીઓએ મેળવ્યા

'ટેક્નોલોજીના યુગમાં સતત શીખતા રહો, નવીનતા લાવો' : ડૉ. સારસ્વત

વિદ્યાર્થીઓને સંબોધતાં ડૉ. સારસ્વતે ઝડપથી બદલાતા ટેક્નોલોજીના યુગમાં સતત શીખતા રહેવા, બદલાવને સ્વીકારવા અને નવીનતા લાવવા અનુરોધ કર્યો હતો. તેમણે વૈજ્ઞાનિક અભિગમ, ડિજિટલ કૌશલ્ય, તર્કશક્તિ, ટીમવર્ક, મુશ્કેલીઓનો સામનો કરવાની ક્ષમતા તેમજ ઈમાનદારી અને સારા ચારિત્ર્યનું મહત્વ સમજાવ્યું હતું.

તેમણે વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો ઉપયોગ સમાજ માટે ઉપયોગી ઉકેલો વિકસાવવામાં કરવા તથા રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે પદવી માત્ર શૈક્ષણિક લાયકાત નથી, પરંતુ જ્ઞાન અને ટેક્નોલોજી દ્વારા સમાજમાં સાર્થક પરિવર્તન લાવવાની જવાબદારી પણ છે.

વડોદરા, તા. 29

GSFC યુનિવર્સિટીનો ૮મો પદવીદાન સમારોહ તા. ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ વડોદરાના ફર્ટિલાઈઝરનગર ખાતે યોજાયો હતો. સમારોહમાં યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ટેક્નોલોજી, સ્કૂલ ઓફ સાયન્સ અને સ્કૂલ ઓફ મેનેજમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યોરશિપના કુલ ૮૧૫ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવી હતી. જેમાં ૪૮૮ વિદ્યાર્થીઓ અને ૩૨૭ વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે.

સમારોહમાં પદ્મભૂષણ ડૉ. વી. કે. સારસ્વત, DRDOના પૂર્વ ડિરેક્ટર જનરલ અને નીતિ આયોગના પૂર્વ સભ્ય, મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે ૧૭ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને ૧૫ વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. ખાસ નોંધનીય બાબત એ રહી કે ૧૭માંથી ૧૨ ગોલ્ડ મેડલ વિદ્યાર્થીનીઓએ મેળવ્યા હતા. પદવીઓ GSFC યુનિવર્સિટીના પ્રમુખ પી. કે. તનેજા, IAS (નિવૃત્ત) દ્વારા એનાયત કરવામાં આવી હતી.

સમારોહમાં GSFC યુનિવર્સિટીની ગવર્નિંગ બોડી અને બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો, સરકારી અધિકારીઓ, GSFC લિમિટેડ તથા યુનિવર્સિટીના વરિષ્ઠ અધિકારીઓ, ઉદ્યોગજગતના અગ્રણીઓ, શિક્ષક-બિનશિક્ષક સ્ટાફ, પદવીધારક વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રોફેસર જી. આર. સિંહાએ યુનિવર્સિટી રિપોર્ટ રજૂ કર્યો હતો. તેમણે શૈક્ષણિક વિકાસ, વિવિધ સિદ્ધિઓ, સંશોધન પ્રવૃત્તિઓ, ઉદ્યોગો સાથેના જોડાણ, વિદ્યાર્થી વિકાસ તથા શૈક્ષણિક વર્ષ દરમિયાન થયેલી અન્ય મહત્વપૂર્ણ પ્રગતિ અંગે માહિતી આપી હતી.

GSFC યુનિવર્સિટીના પ્રમુખ પી. કે. તનેજાએ તમામ ૮૧૫ પદવીધારક વિદ્યાર્થીઓ તથા ગોલ્ડ-સિલ્વર મેડલ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓના વાલીઓ, શિક્ષકો અને માર્ગદર્શકોના સહયોગની પણ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "પદવીદાન સમારોહ વર્ષોની મહેનતના અંતનું પ્રતીક છે, પરંતુ સાથે નવી તકો અને જવાબદારીઓથી ભરેલી નવી સફરની શરૂઆત પણ છે."

યુનિવર્સિટીની છેલ્લા ૧૧ વર્ષની પ્રગતિ અંગે વાત કરતાં તનેજાએ જણાવ્યું હતું કે GSFC યુનિવર્સિટી બે શૈક્ષણિક કાર્યક્રમોથી શરૂ થઈ આજે ૨૬ કાર્યક્રમો સાથે ૩,૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી મલ્ટિડિસિપ્લિનરી સંસ્થા બની છે. તેમણે યુનિવર્સિટીના ત્રણ વ્યૂહાત્મક સ્તંભો–Industry-Aligned, Technology-Driven અને Future-Ready–પર ભાર મૂક્યો હતો. મજબૂત ઉદ્યોગ જોડાણ, પ્રેક્ટિકલ લર્નિંગ, સંશોધન અને નવીનતા પર પણ સતત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે B.Tech Chemical Engineering, B.Tech Fire | EHS અને M.Sc Chemistryમાં ૧૦૦ ટકા પ્લેસમેન્ટની સિદ્ધિનો પણ ઉલ્લેખ કર્યો હતો. ભવિષ્યમાં શિક્ષણ, સંશોધન અને વિદ્યાર્થી વિકાસની ગુણવત્તા વધુ મજબૂત બનાવવી યુનિવર્સિટીની પ્રાથમિકતા રહેશે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્ય અતિથિ ડૉ. વી. કે. સારસ્વતે પદવીધારક વિદ્યાર્થીઓ, મેડલ વિજેતાઓ, વાલીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. GSFC યુનિવર્સિટીની પ્રગતિ, પ્રેક્ટિકલ લર્નિંગ અને ઉદ્યોગ સાથેના જોડાણની પ્રશંસા કરતાં તેમણે જણાવ્યું હતું કે ટેક્નોલોજી, નવીનતા અને આત્મનિર્ભરતાના માધ્યમથી ભારતને વિકસિત ભારત @ ૨૦૪૭ તરફ લઈ જવામાં યુનિવર્સિટીઓની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

પદવીદાન સમારોહ વિદ્યાર્થીઓના ઔપચારિક શિક્ષણના પૂર્ણ થવા સાથે તેમના વ્યાવસાયિક અને વ્યક્તિગત જીવનના નવા અધ્યાયની શરૂઆતનું પ્રતીક બન્યો હતો. હવે પદવીધારક વિદ્યાર્થીઓ ઉદ્યોગ, ઉચ્ચ શિક્ષણ, સંશોધન, ઉદ્યોગસાહસિકતા સહિત વિવિધ ક્ષેત્રોમાં કારકિર્દી આગળ વધારશે.

ચાણોદમાં પ્રથમ સામૂહિક અથર્વવેદીય શ્રાવણી ઉપાકર્મ યોજાયું

ચાણોદના પવિત્ર નદીકિનારે અથર્વવેદીય પરંપરા મુજબ શ્રાવણી ઉપાકર્મ સંપન્ન

ચાણોદના નદીકિનારે વૈદિક મંત્રોચ્ચાર સાથે શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન

(પ્રતિનિધી) વડોદરા, તા.29

શ્રાવણ સુદ પૂર્ણિમાના પવિત્ર અવસરે ચાણોદના પવિત્ર નદીકિનારે ડૉ. કપિલદેવ હ. શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ વિશેષ અથર્વવેદીય વિધિ-વિધાનપૂર્વક શ્રાવણી ઉપાકર્મ સંપન્ન કરવામાં આવ્યું હતું.

આ ઉપાકર્મનું વિશેષ ગૌરવ એ રહ્યું કે અથર્વવેદની શાખાના અધ્યયન અને અધ્યાપન સાથે સંકળાયેલા વિવિધ રાજ્યોના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો, જેઓ ડૉ. કપિલદેવ શાસ્ત્રીના શિષ્યો છે, તેઓ સૌ પ્રથમવાર એકત્રિત થઈને ચાણોદ જેવા પવિત્ર તીર્થસ્થળે નદીકિનારે અથર્વવેદીય પરંપરા અનુસાર સામૂહિક શ્રાવણી ઉપાકર્મમાં જોડાયા હતા. આ પ્રસંગમાં રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ, ગોવા, છત્તીસગઢ અને મહારાષ્ટ્ર સહિતના વિવિધ પ્રદેશોમાંથી આવેલા અથર્વવેદના અધ્યયન-અધ્યાપન સાથે સંકળાયેલા શિષ્યો અને અધ્યાપકોની ઉપસ્થિતિ રહી હતી.

અથર્વવેદીય વિધિ-વિધાન દ્વારા સંપન્ન થયેલું આ ઉપાકર્મ ઐતિહાસિક, ગૌરવપૂર્ણ અને અદ્વિતીય પ્રસંગ બની રહ્યું છે. અથર્વવેદના શાખાધ્યાયી તથા અધ્યાપકો એક જ સ્થળે એકત્રિત થઈને પ્રાચીન ઋષિ-ગુરુ પરંપરા અનુસાર ઉપાકર્મ કરે તે ઘટના અત્યંત દુર્લભ અને વિશેષ મહત્વ ધરાવે છે. ચાણોદ જેવા પવિત્ર તીર્થસ્થળે નદીકિનારે વૈદિક મંત્રોચ્ચાર સાથે આ પરંપરાનું પુનર્જીવન થવું અથર્વવેદીય પરંપરાના સંરક્ષણ અને સંવર્ધનની દિશામાં એક ગૌરવપૂર્ણ અને અવિસ્મરણીય પહેલ બની છે.

વૈદિક પરંપરામાં શ્રાવણી ઉપાકર્મનું વિશેષ ધાર્મિક, આધ્યાત્મિક અને શૈક્ષણિક મહત્વ છે. 'ઉપાકર્મ' એટલે વૈદિક અધ્યયનના નવા સત્રનો આરંભ. આ પ્રસંગે વૈદિક પરંપરા અનુસાર પવિત્ર સ્નાન, પ્રાયશ્ચિત્ત સંકલ્પ, ઋષિપૂજન, સૂર્યોપાસના, યજ્ઞોપવીતપૂજન તથા નૂતન યજ્ઞોપવીત ધારણ સહિતની વિવિધ શાસ્ત્રોક્ત વિધિઓ કરવામાં આવી હતી.

રાખડીના રંગમાં લોહી ભળ્યું, રક્ષાબંધને ભાઈનું કરુણ મોત

રક્ષાબંધને રાખડી બાંધ્યાના કલાકોમાં જ યુવકનું અકસ્માતમાં કરૂણ મોત

બીતાડાના ૨૫ વર્ષીય નીલેશ વસાવાની બાઈક ઝાડ સાથે અથડાતા કરુણ અંત

(પ્રતિનિધી) ભરૂચ, તા.29

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના અંતરિયાળ બીતાડા ગામે રક્ષાબંધનના પવિત્ર દિવસે એક 25 વર્ષીય યુવકનો અકસ્માતમાં કરુણ મૃત્યુ થયો છે. આ ઘટનામાં તેને બાંધેલી રાખડી પણ લોહીથી પલળી ગઈ, જેણે પરિવારનું દુઃખ વધારી દીધું.

બીતાડા ગામના નીલેશભાઈ ભરતભાઈ વસાવા (ઉં. 25) આખો દિવસ પરિવાર સાથે ગામમાં રહ્યા હતા. બહેને તેમને રાખડી બાંધી હતી. સાંજે લગભગ 6 વાગ્યે તેઓ કૌટુંબિક કાકાની મોટરસાઈકલ (નં. GJ-22-K-5715) પર પોતાના કામ માટે અંકલેશ્વર જવા નીકળ્યા.

મોદલિયાથી પઠાર ગામ તરફ જતી વખતે પઠાર વળાંક નજીક તેમણે પુરપાટ ઝડપે મોટરસાઈકલ પરનો કાબૂ ગુમાવી દીધો. બાઈક રોડની બાજુમાં આવેલા પીપળીના ઝાડ સાથે જોરદાર અથડાઈ. આ અકસ્માતમાં નીલેશભાઈને માથામાં ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું.

આ બાબતે વાલિયા પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે. મૃતકના પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે, કારણ કે રક્ષાબંધન જેવા શુભ દિવસે આવી દુર્ઘટનાએ સૌને હેબતાઈ ગયા છે.આ ઘટના કૃતકનાં મોટાભાઈ કલ્પેશ વસાવાને જાણ કરતા ઘટના સ્થળે આવી ગયા હતા.પોલીસને મોતને ભેટેલા યુવક સામે ગુનો નોંધવામાં આવી છે.

DRMના માર્ગદર્શનમાં ઝુંબેશ

વડોદરા રેલવે મંડળમાં વિશેષ સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

સ્વચ્છ અને સ્વસ્થ ભારતના નિર્માણના સંકલ્પને સાકાર કરવા અને રેલવે સ્ટેશનો તેમજ પરિસરમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા વિશેષ સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેના માર્ગદર્શન હેઠળ તા. 29 ઓગસ્ટથી 9 સપ્ટેમ્બર 2026 સુધી આ અભિયાન ચલાવવામાં આવશે. આ અંતર્ગત મંડળના વિવિધ સ્ટેશનો અને રેલવે પરિસરોમાં સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમ, શપથવિધિ સહિતની પ્રવૃત્તિઓ યોજાશે. પશ્ચિમ રેલવે વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ અભિયાનના પ્રથમ દિવસે આજે વડોદરા સ્ટેશન, લોકો શેડ, મેમુ શેડ તથા ઉત્રાણ, અંકલેશ્વર, ભરૂચ, વિશ્વામિત્રી, મિયાગામ કરજણ, નડિયાદ, આણંદ, એકતાનગર, અલીરાજપુર, ગોધરા સહિત મંડળના અનેક સ્ટેશનો પર રેલકર્મીઓ, આરપીએફ અને જીઆરપી સ્ટાફ, મુસાફરો, કુલીઓ, વેન્ડરો અને સફાઈ કર્મચારીઓને સ્વચ્છતાની શપથ લેવડાવવામાં આવી હતી. આ પ્રસંગે તમામે પોતાના કાર્યસ્થળ અને આસપાસના વિસ્તારોને સ્વચ્છ રાખવા, ગંદકી ન ફેલાવવા અને બીજાને પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવાનો સંકલ્પ લીધો હતો. સ્વચ્છતાને માત્ર અભિયાન પૂરતી સીમિત ન રાખતા તેને રોજિંદા જીવનનો ભાગ બનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

અકસ્માતો અટકાવવા જોખમી ઝાડોનું ટ્રીમિંગ હાથ ધરાયું

ઉમા ચાર રસ્તા, વોર્ડ નં. ૪ અને ચોખંડીમાં પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખા દ્વારા કામગીરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ચોમાસા દરમિયાન સંભવિત અકસ્માતોને અટકાવવા માટે સઘન કામગીરી શરૂ કરવામાં આવી છે. પાલિકાની પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખા દ્વારા આજે શહેરના વિવિધ વિસ્તારોમાં ઝાડોના ભારે અને જોખમી ડાળખાઓ તેમજ સ્ટ્રીટલાઈટમાં અડચણરૂપ બનતા ઝાડોના ટ્રીમિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વડોદરામાં જાહેર સુરક્ષાને પ્રાધાન્ય આપતા શહેરના ઉમા ચાર રસ્તા, વોર્ડ નં.04 અને ચોખંડી વોર્ડ નં.14 સહિતના વિસ્તારોમાં આ કામગીરી કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસોથી ભારે પવન અને વરસાદને કારણે ઝાડોની ડાળીઓ પડવાના બનાવો વધ્યા છે, ત્યારે નાગરિકો તરફથી મળેલી ઓનલાઈન અને ઓફલાઈન અરજીઓ તેમજ ફરિયાદોના આધારે આ પગલું લેવામાં આવ્યું છે. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી હતી. રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓની સુરક્ષા જળવાય, વીજળીના તારને નુકસાન ન થાય અને આસપાસની ખાનગી મિલકતોને કોઈ હાનિ ન પહોંચે તેનું પૂરતું ધ્યાન રાખીને ટ્રીમિંગ કરવામાં આવ્યું હતું. પાલિકા તંત્રએ જણાવ્યું હતું કે, શહેરના અન્ય વોર્ડમાં પણ જ્યાં જોખમી ઝાડો હશે ત્યાં તબક્કાવાર ટ્રીમિંગની કામગીરી હાથ ધરવામાં આવશે.

સાયકલ રેલીને પગલે વડોદરામાં અનેક માર્ગો પ્રતિબંધિત

(પ્રતિનિધી) વડોદરા, તા.29

વડોદરા શહેર પોલીસ દ્વારા તા.30 ઓગસ્ટના રોજ સવારે 7 વાગ્યાથી સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સથી શરૂ થતી રેલી અભીલાષા ચાર રસ્તા, સૈનિક છાત્રાલય સર્કલ, મહેસાણા નગર સર્કલ, ડિલક્ષ ચાર રસ્તા, નિઝામપુરા રોડ, ફતેગંજ સર્કલ, નરહરી સર્કલ, કાલાઘોડા સર્કલ, બરોડા ઓટોમોબાઈલ અને જેલ રોડ થઈ પોલીસ ભવન ખાતે પૂર્ણ થશે. રેલી દરમિયાન ચાણક્યપુરી સર્કલથી સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, છાણી જકાતનાકાથી સૈનિક છાત્રાલય, પંડયા બ્રિજથી ફતેગંજ તેમજ જુનાવુડા સર્કલથી ફતેગંજ-નરહરી સર્કલ તરફ વાહન વ્યવહાર પર પ્રતિબંધ રહેશે. વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા પોલીસે અપીલ કરી છે. ફતેગંજ, નરહરી, કાલાઘોડા સર્કલ અને બરોડા ઓટોમોબાઈલ ખાતે ટ્રાફિકની સ્થિતિ અનુસાર જરૂરીયાત મુજબ વાહનવ્યવહાર ખોલી ટ્રાફિક ક્લિયર કરવામાં આવશે. સાયકલ રેલીના બંદોબસ્તમાં રોકાયેલા વાહનો ઉપરાંત પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને ઈમરજન્સી વાહનોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.

મંજુસર-પાદરા પોલીસનો ગેરકાયદે ચાલતા જુગાર પર સપાટો

મીરસાપુરા અને આમળા ગામમાં જુગારના અડ્ડા પર પોલીસની રેડ

(પ્રતિનિધી) વડોદરા, તા.29

મંજુસર અને પાદરા પોલીસે મિરસાપુરા અને આમળા ગામે ધમધમતા જુગારના અડ્ડાઓ પર દરોડા પાડયા હતા. બંને અલગ-અલગ જગ્યાએથી પોલીસે રોકડ રકમ, મોબાઈલ ફોન અને વાહનો સહિતનો રૂ.1.60 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. મંજુસર પોલીસ શુક્રવારના રોજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહી હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે તા.27 ઓગસ્ટની રાત્રે મીરસાપુરા ગામની સીમમાં આવેલા કોતરમાં ખુલ્લી જગ્યાએ દરોડો પાડવામાં આવ્યો હતો. જેના પગલે જુગારીયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જેમા પોલીસે સ્થળ પરથી અજય વસાવા, હસમુખ મકવાણા, ઈલીયાસ ઘાંચી, નરેશ પરમાર, બહાદુરસિંહ પરમાર, ગૌરાંગ ચૌહાણ, પુનભાઈ પરમાર અને પૃથ્વીરાજ પરમાર સહિત આઠ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની અંગઝડતીમાંથી રૂ.15,070 અને દાવ પરના રૂ.3,000, સાત મોબાઈલ ફોન તથા પાંચ મોટરસાઈકલ મળી કુલ રૂ.1.43 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે ત્રણ શખ્સો સ્થળ પરથી નાસી છૂટ્યા હોવાનું નોંધાયું છે. બીજી તરફ પાદરા પોલીસને બાતમી મળી હતી કે આમળા ગામની નવીનગરી વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો પત્તા-પાના વડે જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા જમીન પર ગોળ કુંડાળું બનાવી જુગાર રમતા આઠ શખ્સો આ કાર્યવાહીમાં રાહુલ તળપદા, રાહુલ ચુનારા, વિષ્ણુ વસાવા, મસ્તુભાઈ, લિયાકતઅલી સૈયદ, ફતેસિંગ વસાવા, રાજુ સૈયદ અને મુકેશ વસાવા ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી દાવ પરના રૂ.10,300 તથા આરોપીઓની અંગઝડતીમાંથી રૂ.7,200 મળી રૂ.17 હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વડોદરાના પાંચ વોર્ડમાં પાલિકાની દબાણ હટાવ ઝુંબેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ દબાણો સામે મહાનગર પાલિકાએ કડક કાર્યવાહી હાથ ધરી છે. દબાણ અને સિક્યુરિટી શાખા દ્વારા પાંચ વોર્ડમાં એકસાથે દબાણ હટાવ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. વોર્ડ નં. 13માં ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા અને મધ્યવર્તી સ્કૂલ આસપાસથી લારી-પથારા દૂર કરાયા હતા. વોર્ડ નં. 17માં જ્યુપિટર ચાર રસ્તા, વોર્ડ નં. 2માં ઈ.એમ.ઈ. સર્કલ, વોર્ડ નં. 6માં ચંદ્રગુમ કોમ્પ્લેક્ષ અને વોર્ડ નં. 10માં પ્રિયા ટોકીઝ તથા ભાયલી વિસ્તારમાંથી દબાણો હટાવાયા હતા. કાર્યવાહી દરમિયાન કેબિન, લારી સહિત એક ટ્રક જેટલો સામાન જપ્ત કરાયો હતો. પાલિકાએ શહેરને ટ્રાફિકમુક્ત અને સ્વચ્છ બનાવવા આગામી દિવસોમાં પણ દબાણો સામે કાર્યવાહી ચાલુ રાખવાની જાહેરાત કરી છે.

આજવા ચોકડી પાસે પોલીસ વાનના ડ્રાઈવર પર ત્રણ શખ્સોનો હુમલો

લાકડાના ફટકાથી માથામાં ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.29

આજવા ચોકડી પાસે મોડી રાત્રે રિક્ષામાં બેસીને બૂમાબૂમ કરતા ત્રણ શખ્સોને ઘરે જતા રહેવા કહેવું બાપોદ પોલીસના મોબાઈલ વાનના ડ્રાઈવરને ભારે પડ્યું હતું. ઉશ્કેરાયેલા ત્રણેય શખ્સોએ ડ્રાઈવર સાથે ગાળાગાળી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. એક શખ્સે લાકડાના ફટકાથી માથામાં હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બાપોદ પોલીસ સ્ટેશનમાં બાપોદ-1 મોબાઈલના આઉટસોર્સ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા સંદિપભાઈ ઈશ્વરભાઈ પરમાર રાત્રિ પેટ્રોલિંગમાં હતા. રાત્રે આશરે સાડા ત્રણ વાગ્યે તેઓ આજવા રોડ રાત્રી બજારના ગેટ પાસે પહોંચ્યા ત્યારે રિક્ષામાં ત્રણ શખ્સો બૂમાબૂમ કરતા જોવા મળ્યા હતા. સંદિપભાઈએ ગાડી ધીમી કરી મોડી રાત્રે બૂમાબૂમ ન કરવા અને ઘરે જતા રહેવા જણાવ્યું હતું. આ વાતથી ઉશ્કેરાયેલા એક શખ્સે ગાળાગાળી શરૂ કરી હતી. ત્યારબાદ ત્રણેયે ભેગા મળી સંદિપભાઈને પોલીસ વાનમાંથી ખેંચી બહાર કાઢી ગડદાપાટુનો માર માર્યો હતો. દરમિયાન એક શખ્સે નજીકમાં પડેલો લાકડાનો ફટકો ઉઠાવી તેમના માથાના પાછળના ભાગે મારતાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. હુમલાખોરોએ ફરી આ વિસ્તારમાં દેખાઈશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાત્રી બજારમાં કામ કરતા લોકો દોડી આવતાં ત્રણેય શખ્સો રિક્ષા લઈને ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત સંદિપભાઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. તેમણે ત્રણ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે રિક્ષાના નંબરના આધારે તપાસ શરૂ કરી છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CIN: U40102GJ2003SGC042909

રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા

ફોન નં.: ૦૨૬૪૦-૨૨૨૧૫૨ | ઈ-મેઈલ: eeraj.dgvcl@gebmail.com

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* પર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ (વાર)	સમય
૧	૬૬ કેવી પાણેથા	તમામ ફીડર	રાજપારડી	૭૫૬૭૭૩૩૯૨૪	૩૧.૦૮.૨૦૨૬ (સોમવાર)	૦૮:૦૦ થી ૧૩:૦૦
૨	૬૬ કેવી બલ	૧૧ કેવી ખટમ જેજીવાય	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૦૧.૦૯.૨૦૨૬ (મંગળવાર)	૦૮:૦૦ થી ૧૩:૦૦
૩	૬૬ કેવી બલ	૧૧ કેવી ગઢ એજી	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૦૧.૦૯.૨૦૨૬ (મંગળવાર)	૦૮:૦૦ થી ૧૩:૦૦
૪	૬૬ કેવી બલ	૧૧ કેવી ડુમખલ જેજીવાય	ડેડીયાપાડા	૯૮૭૯૭૭૬૩૩૫	૦૩.૦૯.૨૦૨૬ (ગુરૂવાર)	૦૮:૦૦ થી ૧૩:૦૦
૫	૬૬ કેવી ડેડીયાપાડા	૧૧ કેવી ગંગાપુર જેજીવાય	ડેડીયાપાડા	૯